



ગાંધીનગર સમાચાર

# પેથાપુરની શાળાનો પ્રોજેકટ રાષ્ટ્રીય કક્ષાએ

## ગ્રામ્ય-શહેરી વિસ્તારમાંથી અદશ્ય થઈ રહેલ ચકલીને બચાવવાના પ્રોજેક્ટ 'સોરો ઓફ સ્પેરો'ની પસંદગી

## રાજયભરમાંથી આવેલા કુલ ૩૫૦ પ્રોજેકટમાં પેથાપુરનો બાસીમ મન્સુરી મેદાન મારી ગયો

ગાંધીનગર, તા.૨

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં યોજાયેલ રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ ૨૧૫ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના પેથાપુર શાળા નં.૧ના વિદ્યાર્થી બાસીમ ઈકબાલભાઈ મનસુરીના ચકલી બચાવ અંગેના પ્રોજેકટની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવી છે. આ સ્પર્ધા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૨ પ્રોજેકટ સહિત રાજયભરમાંથી કુલ ૩૫૦ પ્રોજેકટ પ્રસ્તુત કરાયા હતાં.

પેથાપુર શાળા નં.૧ના બાસીમ મનસુરીના પ્રોજેકટનું નામ 'સોરો ઓફ સ્પેરો' હતું જેમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાંથી અદશ્ય થઈ રહેલી ચકલીનું પુર્નવસન કેવી રીતે કરી શકાય તે અંગે ખૂબ જ ઉપયોગી અને અનુકરણીય બાબતોનો સમાવેશ સુપેરે કર્યો હતો. આ બાબતે તેમણે ઉંડાણપૂર્વક સંશોધન કર્યું હતું અને સામાન્ય જનજીવનમાં ચકલીઓના મહત્વને પણ સારી રીતે સમજાવ્યું હતું. આ સાથે ચકલી જેવા નાનકડાં પક્ષીનું પણ ઈકોસીસ્ટમમાં રહેલા યોગદાન અંગે વિગતવાર તારણો પ્રસ્તુત કર્યા હતા. પર્યાવરણ



તથા જીવદયા બંનેના સુભગ સમન્વયને આવરી લેતા આ પ્રોજેકટને જોઈ નિરીક્ષકો દંગ રહી ગયા હતા. આ સ્પર્ધાના તમામ મુલાકાતીઓએ પણ બાસીમ મનસુરીના આ પ્રોજેકટના ભરપેટ વખાણ કર્યા હતા. રાજયભરમાંથી આવેલા કુલ ૩૫૦ પ્રોજકટમાંથી 'સોરો ઓફ સ્પેરો' પ્રોજેકટની પસંદગી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે કરાતા પેથાપુર સહિત સમગ્ર ગાંધીનગર જિલ્લાના શૈક્ષણિક આલમમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આગામી તા ૨૭થી ૩૧ ડિસેમ્બર દરમિયાન ચંદીગઢ ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં બાસીમ મનસુરી ભાગ લેશે.

રાજય કક્ષાની સ્પર્ધામાં વિજેતા થવા બદલ બાસીમને રૂપિયા એક હજારનો રોકડ પુરસ્કાર, સ્મૃતિ ચિહ્ન તથા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યો હતો. તેમના આ પ્રોજેકટમાં મદદરૂપ થનાર અન્ય ચાર વિદ્યાર્થીઓ સહિત બાસીમને શાળાના વિજ્ઞાન શિક્ષિકા પ્રિતીબહેન મહેતા તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન પુરું પડાયું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા એ જિલ્લાના ગૌરવ સમા વિદ્યાર્થી બાસીમ મનસુરીને અભિનંદન પાઠવ્યા હતા.

## @ગાંધીનગર

● સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા મગોડી ગામ ખાતે કોલેજના એન.એસ.એસ. યુનિટનો સવારે ૮.૦૦ વાગે એન.એસ.એસ. કેમ્પ યોજાશે.

● સેકટર-૨૭ મહારાણા પ્રતાપ વિદ્યાય ખાતે વાલીઓની બેઠક સવારે ૮ કલાકે યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## ૮મીએ ગાંધીનગરમાં 'કૈકેયી'નું મંચન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના રહેવાસી અને રાજયના અગ્રણી હરોળના સાહિત્યકાર દોલત ભટ્ટ લિખિત ખ્યાતનામ નવલકથા 'કૈકેયી' પરથી સર્જિત નાટક આગામી તા. ૮ નવેમ્બરના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાઈ રહ્યું છે.

કલા ગુર્જરી સંસ્થાના ઉપક્રમે આ નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. નાટય રૂપાંતર અને દિગ્દર્શન રાજુ બારોટ દ્વારા કરાયું છે અને 'કૈકેયી' નામક આ નાટકના સંવાદો પણ દોલત ભટ્ટ દ્વારા લખવામાં આવ્યાં છે.

## વાણિજય કોલેજમાં પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

સેકટર-૧૫ની સરકારી વાણિજય કોલેજે અખબારી યાદીમાં જણાવ્યું છે કે રીપીટર વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૧ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૫ માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓના પરીક્ષા ફોર્મ તા. ૨ નવેમ્બરથી તા. ૬ નવેમ્બર દરમિયાન ભરાવવામાં આવશે. આ તારીખ બાદ ભરાયેલા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તેવી વિદ્યાર્થીઓને સૂચના આપવામાં આવી છે.

## ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨

ઉત્તર ગુજરાત ૪૧ ગામ કડવા પાટીદાર સમાજની તા. ૨૯મી ઓકટોબરના રોજ સવારે ૮.૩૦ કલાકે સે-૧૨ ઉમિયાભવન ખાતે સામાન્ય સભા મળી હતી. જેમાં પ્રમુખ તરીકે રમેશભાઈ આર. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જે હાલ રહસ્ય સચિવ તરીકે ગુજરાત વિધાનસભામાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. સભામાં અધ્યક્ષપદે કાલીદાસભાઈ પટેલ, ઉપ્રમુખપદે સંજયભાઈ એ. પટેલ, મંત્રી પદે મંગળદાસ એસ. પટેલ, સહમંત્રી વાસુદેવભાઈ પટેલ, ખજાનચી સંજયભાઈ એમ. પટેલ, કન્વીનર તરીકે ચંદ્રકાંતભાઈ પટેલ તેમજ નવીન કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## ન્યુ ઈન્ફોસીટી રીલાયન્સ ચોકડી પાસે મોપેડ લઈ દારૂની ડીલીવરી આપવા આવેલ કોલેજીયન ઝડપાયો

ગાંધીનગર, તા.૨

ન્યુ ઈન્ફોસીટી રિલાયન્સ ચોકડી પાસે મોપેડ લઈ વિદેશી દારૂની બોટલની ડિલેવરી આપવા આવેલા ૨૦ વર્ષીય કોલેજીયનને પોલીસે ગતરોજ ઝડપી પાડયો હતો અને યુવાનના મકાનમાં તપાસ કરતા મકાનમાંથી બીજા ૨૪ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૨૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સરગાસણ ગામની સીમમાં આસ્થા રેસીડન્સી આવેલી છે. જયાં મૂળ હરિયાણાના પાણીપથનો ૨૦ વર્ષીય યુવાન વિકા રામફલ ચૌધરી રહે છે અને શહેરમાં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજમાં બીએસસીનો અભ્યાસ કરે છે. આ યુવાન ગત રોજ પોતાના ટુ વ્હીલર મોપેડમાં બે નંગ

**યુવાનના મોપેડમાંથી ૨ નંગ અને મકાનમાંથી ૨૪ નંગ મળી કુલ ૨૬નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરાઈ : પોલીસે કુલ રૂ. ૨૮ હજારનો મુદ્દામાલ કબજે કર્યો**

વિદેશી દારૂની બોટલ લઈ ન્યુ ઈન્ફોસીટી વિસ્તારમાં રિલાયન્સ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો. બસ આ જ સમયે પોલીસે તેના ટુ વ્હીલરને અટકાવી તેની તલાશી કરતા તેમાંથી ૨ નંગ વિદેશી દારૂ મળી આવ્યો હતો. બાદમાં યુવાનની સઘન પુછપરછ કરતા પોલીસે તેના મકાને જઈ તલાશી લીધી હતી. જેમાં પોલીસને મકાનમાં છુપાવેલી વધુ ૨૪ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી.

પોલીસે આ મામલે યુવાન પાસેથી ૨૬ નંગ વિદેશી દારૂની બોટલ અને ટુ વ્હીલર મોપેડ સહિતનો રૂ. ૨૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને યુવાનની ધરપકડ કરી તેના વિરુદ્ધ ઈન્ફોસીટી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## જીઆઈપીએસ ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે સુરક્ષા સેતુ પ્રોજકટ અંતર્ગત મહિલા સ્વ બચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને સ્વબચાવ કરવાની તાલીમ, અન્યને કેવી રીતે મદદરૂપ થવું તેની તાલીમ તેમજ સુરક્ષા માટે શકિતવાન બનવા તાલીમ આપવામાં આવી હતી. તા. ૧૩ ઓકટોબરના રોજ થી ૧૫ દિવસ માટે યોજાયેલ શિબિરના અંતે વિદ્યાર્થીનીઓએ અઠવાડિયામાં ત્રણ દિવસ સતત અભ્યાસ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. શિબિરનો લાભ લેનાર વિદ્યાર્થીનીઓને શિહાન અરવિંદ રાણા અને શાળાના પ્રિન્સીપાલ મેડમ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

## સચિવાલય ઉપહાર ગૃહ દ્વારા વૃદ્ધાશ્રમને વોટર કુલરની ભેટ

ગાંધીનગર, તા.૨

ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લિમિટેડના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ઉજવણીના



ભાગરૂપે વર્ષની ૧લી નવેમ્બરના રોજ સર્વે ડીરેકટર મિત્રોએ કુટુંબ સહિત કૈલાસ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. કૈલાસ વૃદ્ધાશ્રમ પેથાપુરની મુલાકાત દરમિયાન વૃદ્ધાશ્રમના ૧૦૫ જેટલા વૃદ્ધો સાથે સભ્યોએ સતસંગનો લાભ લઈ સમુહભોજન લીધું હતું. કૈલાસ વૃદ્ધાશ્રમને ૧૦૦ લીટરનું વોટર કુલર ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, ઉપપ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલા, મહામંત્રી ચંદ્રેશ પટેલ, કન્વીનર મૌલિક પટેલ, ડીરેકટરો અશ્વિનભાઈ વ્યાસ, બી.ટી. વાઘેલા તેમજ ધર્મેશ કહાર સહિત પોતાના કુટુંબીજનો સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

## બીબીએ કોલેજનાં ૨૨ વિદ્યાર્થીઓનું ૩૦ દિવસ માટે 'ઈન્ટર્નશીપ પ્લેટમેન્ટ'

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશનના ૨૨ વિદ્યાર્થીઓનું કેપિટલ ફર્સ્ટ લિમિટેડમાં ૩૦ દિવસ માટે 'ઈન્ટર્નશીપ પ્લેટમેન્ટ' થયું હતું. હાલમાં કોલેજમાં મિડ સેમેસ્ટરની પરીક્ષા ચાલી રહી છે. આજે છેલ્લા પેપરની પરીક્ષા પૂર્ણ થયા બાદ તુરંત જ તૃતીય વર્ષ બીબીએના ૩૧ વિદ્યાર્થીઓ કેપિટલ ફર્સ્ટ લિમિટેડમાં 'ઈન્ટર્નશીપ પ્લેટમેન્ટ' માટે હાજર રહ્યા હતા. બીબીએ કોર્સના ભાગ રૂપે વિદ્યાર્થીઓ ઈન્ટેનશીપ ટ્રેનિંગ માટે વિવિધ ફર્મ, કંપનીઓ તેમજ બેકિંગ ક્ષેત્રમાં પસંદગી પામે છે. જેમાં વિદ્યાર્થીઓને ઈન્ટેન્શીપ દરમિયાન ધંધાકીય ક્ષેત્રના રોજિંદા કાર્યોની તાલીમ આપવામાં આવે છે.

આજના આ 'ઈન્ટર્નશીપ પ્લેટમેન્ટ' ડ્રાઈવમાં કોલેજના ૩૧ વિદ્યાર્થીઓને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. સૌ પ્રથમ તમામ વિદ્યાર્થીઓને કંપનીના કલસ્ટર હેડ મિતેષ શાહે કંપની વિશેની સંપૂર્ણ માહિતી આપી હતી જેમાં કંપની કંઝયુમર ડયુરેબલ ગુડસ માટે લોન તેમજ દ્વિચક્રી વાહન પર લોન, મોટર્ગેજ લોન, મિલકત સામે લોન, વ્યકિત લોન, વ્યવસાયિક લોન જેવા અનેક ક્ષેત્રમાં કંપની દ્વારા કેવી રીતે લોન આપવાની કાર્યવાહી કરવામાં આવે છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. કંપની ક્રિશીલ ડબલ એ પ્લસ રેટેડ કંપની



છે. તેમજ ૬૦૦થી વધારે સ્ટોર્સ પર કંપની કાર્ય કરી રહી છે. તદઉપરાંત ૩૦ દિવસ ઈન્ટર્નશીપ દરમિયાન કંપનીના વિશાળ નેટવર્કનો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી માર્કેટીંગના ફિલ્ડમાં કેવી રીતે નિપુણતા કેળવશે તે માટેની ઉપયોગી માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કંપની જૂની કાર પર પણ રી-ફાઈનાન્સ કરી રહી છે. વિદ્યાર્થીઓને કંપનીના પ્રતિનિધિ મિતેશ શાહ તેમજ ભાવિક પટેલ દ્વારા સેલ્સ સ્કિલ્સ, પ્રેઝન્ટેશન સ્કિલ્સ તેમજ રિલેશનશીપ મેનેજમેન્ટ જેવા વિષયો પર ઉપયોગી માર્ગદર્શન પણ અપાયું હતું. જે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી સાબિત થશે. ત્યારબાદ તમામ હાજર રહેલા વિદ્યાર્થીઓના ઈંટરવ્યુ કંડકટ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ૨૨ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા જેમને આવતીકાલે પ્રિ-ઈન્ટર્નશીપ તાલીમ આપવામાં આવશે તેમજ અમદાવાદ અને ગાંધીનગર સ્થિત તેમની અલગ અલગ શાખાઓમાં મોકલવામાં આવશે. આ ઈન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થીઓને રૂ. ૬૭૫૦નું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે.

આ ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે વિદ્યાર્થીઓ માટે 'પ્રખરતા શોધ ઉત્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવના પ્રથમ દિવસે કેજી-૧ અને કેજી-૨નાં બાળકો દ્વારા કસરત, યોગ, બાળગીતો, વાર્તા, અભિનય, ડાન્સ જેવી વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન પણ બાળકો દ્વારા જ કરવામાં આવ્યું હતું. વાલીઓ આ કાર્યક્રમથી ખૂબ પ્રભાવિત થયા હતા.

## સે-૩-ડીમાં આધારકાર્ડ કેમ્પ યોજાશે

સેકટર-૩-ડીમાં આધાર કાર્ડ કઢાવવા માટે શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે તા. ૫ નવેમ્બરને ગુરુવારના રોજ સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આધારકાર્ડ કઢાવવા ઈચ્છતા સભ્યોએ તા. ૪ નવેમ્બરના રોજ સંસ્થાના ટ્રસ્ટી નરસિંહ મણીલાલ પરમારનો સંપર્ક કરી નામ રજીસ્ટર કરાવવા જાહેર જનતાને અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● દિવાળીના તહેવારોના પગલે ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન વેચાણ કરતી ઈ કોમર્સ વેબસાઈટો દ્વારા ફટાકડાનું પણ વેચાણ કરાઈ રહ્યું છે અને તે પણ ૭૦ ટકા સુધીના અધધ.... ડિસ્કાઉન્ટ પર...હવે આ ફટાકડા મંગાવ્યા પછી હવાઈ ગયેલા ના નિકળે તે જોવું રહ્યું.

● દિવાળી આડે હજુ અડવાડિયું છે પરંતુ અત્યારથી કેટલાક સેકટરોમાં સાંજના સમયે ફટાકડા ફૂટતાં સંભળાય છે. લાગે છે કે પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હોવાથી બાળકો ગઈ સાલના વધેલા ફટાકડા કાઢી 'નેટ પ્રેકટીસ' કરી રહ્યાં છે.

● ગાંધીનગરનો સ્માર્ટસીટીમાં સમાવેશ થતા જ ચારેકોર આનંદ છવાયો છે. મહાનગરપાલિકાએ ચોતરફ સ્માર્ટ સીટીના હોર્ડિંગ્સ લગાડી દીધા છે જેમાં કચરો ઉઠાવવા આવતી ગાડીને પણ બાકી રાખી નથી.

● ગાંધીનગરની શાળાઓમાં પ્રવાસની મૌસમ ચાલી રહી છે. દરેક વર્ગમાંથી અમુક વિદ્યાર્થીઓ અને સ્ટાફમાંથી કેટલાક શિક્ષકો પ્રવાસમાં ગયા હોવાથી બાકીના વિદ્યાર્થીઓને હાજર શિક્ષકો દ્વારા ભણાવવામાં 'રેશનીંગ' પધ્ધતિ અપનાવાઈ રહી છે.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

## નગરમાં વૃક્ષોના ટ્રીમીંગનું કાર્ય પૂર્ણ થયું નથી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં વન વિભાગના તંત્ર દ્વારા હજુ સુધી ટ્રીમીંગનું કાર્ય પૂર્ણ થયું નથી. ચોમાસાની સિઝનમાં શરૂ કરેલું કાર્ય શિયાળો આવવા છતાં યથાવત જોવા મળે છે. શહેરના સેકટરમાં સ્ટ્રીટલાઈટના થાંભલા આગળ નમી ગયેલી ડાળીઓ આવતા થાંભલા શોધવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. વનવિભાગ પાસે મજુરો નથી, ગ્રાન્ટ નથી તેવી પરિસ્થિતિમાં નાગરિકોને હાલાકી ભોગવવી પડે છે.

શહેરના માર્ગો પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓ અત્યંત જોખમી હોવાની ફરિયાદ નગરજનોમાં ઉઠવા પામી હતી. ચોમાસાની સિઝનમાં ડાળીઓ માર્ગ પર જતા કોઈ વાહનચાલક પર પડે તો અકસ્માત સર્જાય તેવી સ્થિતિ હતી. વન વિભાગ દ્વારા નગરમાં આવી જોખમી ડાળી દૂર કરવાનું અભિયાન હાથ ધરાયું હતું. પરંતુ ચોમાસું ગયું ને શિયાળાની ઋતુનો પ્રારંભ થયો છે પરંતુ હજુ સુધી નગરમા તંત્ર દ્વારા ટ્રીમીંગનું કાર્ય પૂર્ણ થયું નથી ત્યારે આવા જોખમી માર્ગ પરથી પસાર થવાનું નગરજનો ટાળી રહ્યા છે તો કેટલાક સ્થળે નગરમાં આવેલી સ્ટ્રીલાઈટો આગળ વૃક્ષોની ડાળીઓ આવતા પ્રકાશ તો ઠીક પરંતુ થાંભલા શોધવા પડે તેવી સ્થિતિ છે. વનવિભાગ પાસ મજુરો નથી, ગ્રાન્ટ નથી તેવી પરિસ્થિતિમાં નાગરિકોને હાલાકી ભોગવાનો વારો આવ્યો છે.

# સે-૩-બીના રીક્ષાચાલકની અનોખી અનુકંપા

## રાત્રે ઘર સામે પાર્ક કરેલી રીક્ષામાં એક કૂતરીએ પાંચ ગલુડિયાંને જન્મ આપ્યો : ચાર દિવસથી રીક્ષા ચલાવવાનું છોડી કૂતરી તથા તેના બચ્ચાંની સાર સંભાળ રાખી રહ્યાં છે

ગાંધીનગર, તા.૨

આજના યુગમાં પોતાના પેટે પાટા બાંધીને અન્યની સેવા કરતા હોય તેવા માનવી શોધ્યાં જડતાનથી. એમાં પણ માત્ર જીવદયા ખાતર પોતાનો કામ ધંધો અટકાવી રોજીરોટીના જોખમે એક મૂંગા પ્રાણીને હસતે મોંઢે મદદ કરે તેવો મનુષ્ય શોધવો એ તો ઘાસના ગંજમાંથી સોય શોધવા જેવું કઠિન કાર્ય છે. ગાંધીનગરના સે-૩-બીમાં એક રીક્ષા ચાલક પોતાના વ્યવસાયને અટકાવી રાખીને પણ એક સાથે પાંચ ગલુડિયાને જન્મ આપનારી કૂતરીની સાર સંભાળ લઈ રહ્યો છે. આ રીક્ષા ચાલકની જીવદયા જોઈને સૌ કોઈ કહી ઉઠે છે વાહ, દુનિયામાંથી માણસાઈ મરી પરવારી નથી.

વાત એમ છે કે સે-૩-બીમાં રહેતા નિમેશભાઈ રાવળ નામનો એક યુવાન રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ રીક્ષાને તે દિવસભર ચલાવ્યા પછી રાત્રિના સમયે પોતાના ઘરની આગળ પાર્ક કરીને મુકે છે. તાજેતરમાં ચારેક દિવસ પહેલા આ નિત્યક્રમ મુજબ તેમણે પોતાના ઘર સામે રીક્ષા પાર્ક કરી હતી બીજા દિવસે સવારે ઉઠીને એ જયારે પોતાના વ્યવસાયે જવા



નિકળતા હતા ત્યારે તેમણે જોયું કે રીક્ષામાં પાછળના ભાગે તેમના ફળિયાની એક ગર્ભવતી કૂતરીએ રાત્રે પાંચ ગલુડિયાને જન્મ આપ્યો છે. હમણાં રાત્રે ઠંડી રહેતી હોવાથી કદાચ પ્રસુતિ સમયે કૂતરીએ રીક્ષા સલામત જગ્યા લાગી હશે એટલે બચ્ચાંને જન્મ આપવા તેની પસંદગી કરી હોય તેવું બને.

બે ઘડી અવઢવમાં મુકાયેલા નિમેશભાઈએ તુરંત જ રીક્ષા ચલાવવાનું મોકુફ રાખી ઘરમાં શીરો રાંધવા જણાવ્યું અને કુતરીને પ્રેમપૂર્વક શીરો ખવડાવ્યો. એટલું જ નહી પરંતુ તેમણે કુતરી તથા તેના ગલુડિયાંને ત્યાં જ રહેવા દીધા અને રાત્રે તેમને ઠંડી ના લાગે તે માટે કંતાન વગેરેની વ્યવસ્થા પણ કરી દીધી. છેલ્લા ચાર દિવસથી નિમેશભાઈએ રીક્ષા ત્યાંથી હલાવી નથી અને સતત કૂતરી તથા તેના બચ્ચાંની સંભાળ પણ લઈ રહ્યા છે. તેઓ કહે છે આ તો થોડા દિવસની વાત છે. ગલુડિયાં દોડતા થઈ જશે પછી હું રીક્ષા ચાલુ કરી દઈશ. પોતાના પ્રેરણાદાયી જીવદયા પ્રેમને આમ સરળતાથી વ્યકત કરતા નિમેશભાઈ એક મધ્યમવર્ગીય શ્રમજીવી હોવા છતાં પોતાની રોજીરોટીનું નુકશાન વેઠીને પણ અબોલ જીવની અનુકંપા સમજી શકે છે તે માટે ખરેખર તેમને અનેક ધન્યવાદ ઘટે છે.

**(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)**

## 'ગુજરાત' દિપોત્સવી અંક વસાવવા જેવો સાહિત્ય ગ્રંથ

ગાંધીનગર, તા. ૨

'ગુજરાત' મેગેઝીનના તાજેતરમાં પ્રકાશિત દિપોત્સવી અંકની પ્રશસ્તિ કરતાં શહેરના કવિ નિપુણ ચોકસીએ જણાવ્યું છે કે આ એક વસાવવા જેવો સાહિત્ય ગ્રંથ છે. આ અંક માટે સંપાદક પુલકભાઈ ત્રિવેદી તથા તેમની સમગ્ર ટીમને ખુબ જ અભિનંદન આપવા ઘટે. ગુજરાતનો અંક જ એક એવો છે કે દેશ, વિદેશ અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં વર્ષો સુધી અંક તરીકે નહિ પણ સાહિત્યના સુંદર પુસ્તક તરીકે વંચાય છે અને સચવાય છે. માત્ર ૪૦ રૂ.ની કિંમતમાં આવી અમૂલ્ય વાંચન સામગ્રી તો ગુજરાત સરકાર જ આપી શકે.

આ અંકમાં અભ્યાસ લેખો, નવલિકા, હાસ્યલેખ, કવિતા, નાટિકા, વાંચકોને એટલું તો સુંદર સાહિત્ય પીરસે છે કે જાણે છપ્પન ભોગનો થાળ, તસ્વીરકારોની નયનરમ્ય તસ્વીરો પણ વાંચકોને ખુશ કરી દે છે. સચિવ અજય ભાદુ, માહિતી કમિશનર એસ.બી. રાવલ તથા સમગ્ર માહિતી ખાતાની ટીમની મહેનત ઉડીને આંખે વળગે છે.

## ચિરવિદાય

- સ્વ. હરીશભાઈ જીવણભાઈ ચાવડા, ઉ.વ.૫૨
- સ્વ. ડાભી ભરતસિંહ ઉદયસિંહ, ઉ.વ. ૩૮
- સ્વ. રામીબેન ભગવાનદાસ સોલંકી, ઉ.વ. ૬૩
- સ્વ. ગોવિંદભાઈ આત્મારામ પ્રજાપતિ, ઉ.વ. ૬૭